પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૯ | ૧૯ ડિસેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; પોષ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યમાં શાણપણભર્યો જનાદેશ

## ભાજપને ૯૯ અને કોંગ્રેસને ૮૦ બેઠકો આપી પ્રજાએ શાણપણભર્યો જનાદેશ આપ્યો : ભાજપમાં માપમાં લાવવાનો અને કોંગ્રેસને માપમાં રાખવાનો જનાદેશ દાદ માગે છે : જીજ્ઞેશ મેવાણી સહિત ત્રણ અપક્ષો અને એનસીપીના કાંધલ જાડેજા, બીટીપીના છોટુ વસાવા અને મહેશ વસાવા પણ વિજયી

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં ૨૨ વર્ષ પછી ય પરિવર્તન થયું નથી. પાછલી ચૂંટણીઓની જેમ ભાજપનો વિજય થયો છે પરંતુ આ વિજય ઉત્સવ મનાવવા જેવો નથી કારણ કે કોંગ્રેસને સત્તામાં આવતા ૭ બેઠકોનું જ છેટું છે. કોંગ્રેસ અને અન્ય મળીને કુલ ૮૦ બેઠકો પર વિજયી થઈ છે જ્યારે ભાજપને માત્ર ૯૯ બેઠકો મળી છે.

૧૯૯૫ અને તે પછી વિધાનસભાની છ ચૂંટણીમાં ભાજપને સૌથી વધુ ૧૨૭ બેઠકો ૨૦૦૨ની ચૂંટણીમાં મળી હતી અને સૌથી ઓછી ૯૯ બેઠકો ૨૦૧૭ની ચૂંટણીમાં મળી છે. આ ચૂંટણીમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની જીત થઈ છે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ માંડ માંડ જીત્યા છે. ભાજપના સિનિયર મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા પણ ૫૦૦થી ઓછા માર્જીનથી ચૂંટણી જીત્યા છે.

કોંગ્રેસના સિનિયર નેતાઓ જેવાં કે શક્તિસિંહ ગોહિલ, સિદ્ધાર્થ પટેલ, તુષાર ચૌધરી અને અર્જુન મોઢવાડિયાનો પરાજય થયો છે. કોંગ્રેસના યુવા નેતાઓ જેવાં કે પરેશ ધાનાની, જીજ્ઞેશ મેવાણી અને અલ્પેશ ઠાકોરનો ભવ્ય વિજય થયો છે. કોંગ્રેસની બેઠકો વધવાનું કારણ હાર્દિક પટેલ નથી પરંતુ રાહુલ ગાંધીનું ચૂંટણી કેમ્પેઈન છે. હાર્દિક પટેલના કારણે કોંગ્રેસને ઘણી બેઠકો ખોવાનો વારો આવ્યો છે.

કોંગ્રેસનું સૌથી ઉત્તમ પરિણામ સૌરાષ્ટ્રનું આવ્યું છે. ત્યારપછી ઉત્તર પ્રદેશની જનતાએ કોંગ્રેસમાં વિશ્વાસ મૂક્યો છે પરંતુ કોંગ્રેસ છેલ્લી પાંચ ચૂંટણીમાં જ્યાં માર ખાય છે તે અમદાવાદ, વડોદરા અને સુરતના શહેરી વિસ્તારની બેઠકો છે. આ બેઠકોમાં ભાજપે તેનો વિજય બરકરાર રાખ્યો છે. આ ચૂંટણીએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીની તાજપોષીમાં પ્રાણ પૂર્યો છે કારણ કે કોંગ્રેસનો દેખાવ નબળો કરી શકાય તેવો નથી.

આ ચૂંટણી જીતેલા મહારથીઓમાં- વિજય રૂપાણી. નીતિન પટેલ, પ્રદીપસિંહ જાડેજા, જયેશ રાદડિયા. ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, બાબુ બોખીરિયા. જીતુ વાઘાણી. સૌરભ પટેલ, હિતુ કનોડિયા, પરેશ ધાનાણી, અલ્પેશ ઠાકોર, જીજ્ઞેશ મેવાણી અને હિંમતસિંહ પટેલનો સમાવેશ થાય છે જ્યારે કારમી હાર મળી છે તેવા ઉમેદવારોમાં-- અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ, ભૂષણ ભટ્ટ, દિલીપ સંઘાણી, આત્મારામ પરમાર, શંકર ચૌધરી, રજની પટેલ, ચીમન સાપરિયા, રાઘવજી પટેલ, રામસિંહ પરમાર, મહેન્દ્ર મશરૂ, જયનારાયણ વ્યાસ, નારાયણ પટેલ. સિદ્ધાર્થ પટેલ, ઈન્દ્રનીલ રાજ્યગુરૂ, જશા બારડ અને તેજશ્રીબેન પટેલનો સમાવેશ થાય છે.

ગુજરાતની ચૂંટણીએ મોદી માટે અતિ મહત્વની હતી તેથી તેમણે છેલ્લા દિવસોમાં ઝંઝાવાતી પ્રચાર કર્યો હતો. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે ગુજરાત એ મહત્વનો ડોઝ સાબિત થશે. ભાજપે ગુજરાતની સાથે હિમાચલ પ્રદેશની ચૂંટણી પણ જીતી લીધી છે. ગુજરાતમાં ભાજપને બહુમતિ મળી નથી પરંતુ પાર્ટીની સરકાર બની છે તે પાર્ટીના સિનિયર નેતાઓ માટે ગૌરવરૂપ ઘટના છે. ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનનો ફિયાસ્કો થઈ ગયો છે. હાર્દિકની સભાઓમાં જોવા મળતી ભીડ મતદાન વખતે ભાજપને હરાવી શકી નથી.

ગુજરાતની હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ચૂંટણીને લઈને માત્ર ગુજરાતના લોકોની જ નહીં બલ્કે દેશના લોકોની તથા કેટલાક અન્ય દેશોની પણ નજર હતી. કારણ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતનમાં આ ચૂંટણી યોજાઈ છે. ભાજપ છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં સત્તા પર રહ્યું છે. હવે બીજા પાંચ વર્ષ માટે ભાજપની સરકાર આવી ગઈ છે.

જીએસટી, નોટબંધી અને પાડીદાર આંદોલન, દલિત આંદોલન સહિતના તમામ વિરોધી પરિબળો હોવા છતાં ભાજપે શાનદાર જીત મેળવી લેવામાં સફળતા મેળવી લીધી છે.

### કોને કેટલી બેઠક

| | |
|---|---|
| પરિણામ જાહેર | ૧૮૨ |
| ભાજપ | ૯૯ |
| કોંગ્રેસ | ૭૭ |
| બીટીપી | ૦૨ |
| એનસીપી | ૦૧ |
| અપક્ષો | ૦૩ |

### કોંગ્રેસના વિજયી મહારથીઓ...


પરેશ ધાનાણી


કુંવરજીભાઈ બાવળીયા


સોમાભાઈ જી. પટેલ


શૈલેષ પરમાર


અલ્પેશ ઠાકોર


ગેનીબેન ઠાકોર

### કોંગ્રેસના પરાજિત મહારથીઓ...


શક્તિસિંહ ગોહિલ


અર્જુન મોઢવાડિયા


સિદ્ધાર્થ પટેલ


ડૉ. તુષાર ચૌધરી


જીવાભાઈ પટેલ


ડૉ. જીતુભાઈ પટેલ

## ગામડામાં કોંગ્રેસ અને શહેરોમાં ભાજપનો વિજય થયો

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના ગામડાંમાં કોંગ્રેસનો અને શહેરોમાં ભાજપનો વિજય થયો છે. ચૂંટણીના પરિણામો ભાજપ માટે અપેક્ષા કરતાં ઘણાં ઓછા આવ્યા છે પરંતુ શહેરી વિસ્તારમાં ભાજપે તેની પક્કડ જમાવી રાખી છે.

ગુજરાતના ૫૫ શહેરી બેઠકો પૈકી સૌથી વધુ ૪૩ બેઠકોમાં ભાજપના ઉમેદવારો વિજયી બન્યા છે જ્યારે કોંગ્રેસના માત્ર ૧૨ ઉમેદવારોને જ સફળતા મળી છે. ભૂતકાળની ચૂંટણીઓ જોઈએ તો પણ શહેરી વિસ્તારમાં ભાજપને મતદારોએ યાદી આપી છે. છેલ્લે થયેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં પણ ગામડાંમાં કોંગ્રેસ અને શહેરોમાં ભાજપનો ગઢ બન્યો હતો.

ગ્રામ્ય વિસ્તારની કુલ ૧૨૭ બેઠકો પૈકી કોંગ્રેસે મેદાન માર્યું છે. કોંગ્રેસના ૭૧ ઉમેદવારો ચૂંટણી જીતી ગયા છે જ્યારે ભાજપના માત્ર ૫૬ ઉમેદવારોને વિજય મળ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનું અહીં પુનરાવર્તન થયું છે. કોંગ્રેસે આદિવાસી અને ગ્રામ્ય વોટબેન્ક સાચવી રાખી છે.

અમદાવાદની જનતાએ વિકાસને વોટ આપ્યો છે. વડોદરાની જનતા હજી પણ મોદીની પડખે છે. સુરતના લોકો આજે પણ ભાજપને માને છે. કોંગ્રેસે આ ચૂંટણીમાં બોધપાઠ લેવો જોઈએ કે શહેરી વિસ્તારોને તે મજબૂત કરે.


### ભાજપના વિજયી મહારથીઓ...


વિજયભાઈ રૂપાણી


નિતીનભાઈ પટેલ


જીતુભાઈ વાઘાણી


ગણપતભાઈ વસાવા



ભૂપેન્દ્રસિંહ ચુડાસમા


રાજેન્દ્ર ત્રિવેદી


પ્રદિપસિંહ જાડેજા


હિતુ કનોડિયા


### ભાજપના પરાજિત મહારથીઓ...



શંકરભાઈ ચૌધરી


રમણલાલ વોરા


ચીમનભાઈ સાપરીયા


આત્મારામ પરમાર


નારણભાઈ એલ. પટેલ


જયનારાયણ વ્યાસ


મહેન્દ્ર મશરૂ


કાંતિલાલ અમૃતિયા

## હિમાચલ પ્રદેશમાં ભાજપનો ભવ્ય વિજય

### કોંગ્રેસના હાથમાંથી સત્તા ગઈ : વીરભદ્રસિંહના નેતૃત્વમાં કોંગ્રેસને મોટી પછડાટ પડી : ૬૮ સીટો પૈકીની ભાજપે ૪૪ સીટ જીતી લેવામાં સફળતા મેળવી : વધુ એક રાજ્ય કોંગ્રેસના હાથમાંથી નિકળ્યું

સિમલા, તા.૧૮

હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. જે પૈકી ભાજપે જોરદાર અને પ્રચંડ જીત મેળવી હતી. કોંગ્રેસની વીરભદ્રસિંહ સરકારનું પતન થયું છે. કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લેવામા ભાજપે આજે સફળતા મેળવી હતી. હિમાચલ પ્રદેશની કુલ ૬૮ બેઠક પૈકી ભાજપે ૪૪ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો છે જ્યારે કોંગ્રેસને ૨૧ બેઠકો હાથ લાગી છે. અન્યોના ખાતામાં ત્રણ સીટો ગઈ છે. હિમાચલમાં બહુમતિ માટેનો જાદુઈ આંકડો ૩૫નો રહ્યો છે. મતગણતરીની શરૂઆત થયા બાદ હિમાચલપ્રદેશમાં તો શરૂઆતથી જ ભાજપે લીડ મળી હતી. હિમાચલમાં અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે ૯મી નવેમ્બરના દિવસે રેકોર્ડ મતદાન થયુ હતુ. આવી સાથે જ તમામ ૩૩૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હિમાચલપ્રદેશમાં કોની સરકાર બનશે તે અંગે આજે ફેંસલો થયો હતો. ઉંચા મતદાન બાદ ભાજપ અને કોંગ્રેસ પાર્ટી બન્ને જીતના દાવા કરી રહ્યા હતા. હિમાચલ પ્રદેશમાં રેકોર્ડ ૭૫ ટકાથી વધુ મતદાન થયું હતું. વર્ષ ૨૦૧૨માં નોંધાયેલા મતદાન કરતા વધુ મતદાન થયું હતું. ૨૦૧૨માં ૭૩.૫૧ ટકા મતદાન થયું હતું.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

